**મે. સુરતના ચોથાં અધિક સિવિલ જજ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સાહેબશ્રીની કોર્ટમાં**

**<u>ફોજદારી કેસ નં. ૮૬૭૧૮ /૨૦૨૪</u>**

**<u>આંક –</u>**

ફરીયાદીઃ – શ્રી સરકાર
વિરુદધ
આરોપીઃ – અમનદીપ બલવીરસીંઘ ભાટી
રહે. સુરત
ગુનોઃ – જી.પી. એકટની કલમ–૧૩૧બી(૪) મુજબ

**// ચુકાદો //**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે ક, આ કામનો આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાના કબ્જાનું વાહન પ્રવેશ પ્રતિબંધ સમયમાં સુરતમાં પ્રવેશ કરાવી મહેરબાન પોલીસ કમિશ્નર સાહેબશ્રી સુરત શહેરના કાયમી જાહેરનામાં ક્રમાંક: ટ્રફક/માલવાહક ભારે વાહન પ્રતિબંધ/ જાહેરનામુ/૭૩૩/૨૦૧૯ તા. ૦૯/૦૫/૨૦૧૯ના જાહેરનામાનો ભંગ કરી, જી.પી. એકટની કલમ–૧૩૧ બી(૪) મુજબનો ગુનો કરેલ છે.

આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ જી.પી. એકટની કલમ–૧૩૧ બી(૪) મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને અંકે રૂપિયા રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો તે અંગેનો હુકમ થયેલ ના હોય તો વાહનના મુળ માલીકની ખરાઈ કરી પરત કરવનો તથા તે લગત પો.સ્ટે. યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.આરોપીનાં જામીનખત તેમજ જાતમુચરકો ૬ માસ બાદ રદ ગણવા.

હુકમ આજ તારીખ ૨૨ મી માહે જુન ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૨ / ૦૬ /૨૦૨૪
સુરત.

(કે. એ. મારવાહા)
ચોથા અધિક સિવિલ જજ અને
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત

કોડ નં. જીજે–૦૧૫૫૮